## બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ-૨૦૨૧ના Waiting-3 માં જનરલ કેટેગરીમાં ફાળવણી થયેલ ઉમેદવારો માટે ઓનલાઇન શાળા પસંદગી અંગેની સૂચનાઓ

- બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ ૨૦૨૧નુ Waiting Phase-3 ની જનરલ કેટેગરીની જગ્યાઓ સામે શાળા પસંદગીની પાત્રતા ધરાવતા ઉમેદવારોની યાદી તા. 20/10/2022ના રોજ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.
- સંબંધિત તમામ ઉમેદવારોને આ અંગેની જાણ SMS થી પણ કરેલ છે.
- સંબંધિત ઉમેદવારોએ હાલ સબબ જે તે વિષયની બિનઅનામત કેટેગરીની ખાલી જગ્યાઓ સામે ઓનલાઈન શાળા પસંદગી આપવાની રહેશે.
- GIA Higher Secondary Waiting phase-3 ની જનરલ કેટેગરીની જગ્યાઓ સામે પાત્રતા ધરાવતા ઉમેદવારો તા.૨૦/૧૦/૨૦૨૨ના રોજ સાંજે ૫.૩૦ કલાકથી તા.૨૧/૧૦/૨૦૨૨ના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધી વેબસાઈટ www.gserc.in પર પોતાની ઓનલાઈન શાળા પસંદગી આપી શકશે.
- સંબંધિત ઉમેદવારો પૈકી સમયમર્યાદામાં ઓનલાઈન શાળા પસંદગી ન આપનાર ઉમેદવાર ભરતી પ્રક્રિયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રક્રિયામાંથી બાકાત કરવામાં આવશે. જેની સંબંધિતો ખાસ નોંધ લેવી.
- સદર પ્રક્રિયા SCA No. 3578/21,5784/21,3226/21,4887/21 તથા અન્ય ભરતી સંબંધિત કોર્ટ કેસોના અંતિમ ચુકાદાને આધિન રહેશે તથા આ ચુકાદાઓ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.
- Waiting-3 માં સમાવિષ્ટ થવાથી કે Online શાળા પસંદગી આપવાથી ઉમેદવારનો નોકરીનો હક્ક પ્રસ્થાપિત થઇ જતો નથી. તેની નોંધ લેશો.
- ઓનલાઈન શાળા પસંદગી આપવા માટે, ....................................
    - ઉમેદવાર વેબસાઈટ www.gserc.in પર જઈ Apply for Higher Secondary Grant-in-aid વિકલ્પ ક્લીક કરવાનો રહેશે.
    - જે ક્લીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ પાસવર્ડ અને ફિક્સ Captcha Code નાખી લોગઈન થવાનું રહેશે.
    - લોગઈન થતાં સ્ક્રીન પર જિલ્લાઓના નામ હશે જેને આપે આપની પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે અને ત્યારબાદ save next બટન કલીક કરતાં આપના બોક્ષમાં આપે જિલ્લાઓ જે ક્રમમાં પસંદ કર્યા હશે તે ક્રમમાં જે તે જિલ્લાની આપના વિષયની જનરલ કેટેગરીની આપને મળવાપાત્ર જગ્યાઓની યાદી આપને જોવા મળશે.
    - જો આપ સામાન્ય(જનરલ) પુરૂષ ઉમેદવાર હશો તો આપને આપના વિષયની મહિલા અનામત સિવાયની જગ્યાઓ જોવા મળશે તેવી જ રીતે જો આપ મહિલા ઉમેદવાર હશો પરંતુ આપે મહિલા અનામતની જગ્યા પર જવાનો વિકલ્પ નહીં આપ્યો હોય અને PML-2માં આપના નામ સામે is female option માં No હશે તો આપને મહિલા અનામત સિવાયની જગ્યાઓ જ જોવા મળશે. મહિલા અનામતની જગ્યા પર વિકલ્પ આપનાર મહિલા ઉમેદવારોને બિન અનામત સંવર્ગની તમામ જગ્યાઓ જોવા મળશે.
    - આ રીતે શાળાઓની યાદી જોવા મળ્યાં બાદ આપે આ શાળાઓને આપના પસંદગીના ક્રમમાં ગોઠવવાની છે. જેમાં જે તે શાળા પર કલીક કરતા તે શાળા આપોઆપ સામેના બોક્ષમાં ગોઠવાઇ જશે.

આપની ઇચ્છાનુસાર શાળાઓને પસંદગીના ક્રમમાં ગોઠવ્યા બાદ આપે save બટન કલીક કરવાનું રહેશે જે કરવાથી આપની શાળા પસંદગી વેબસાઇટ પર રજીસ્ટર્ડ થઇ જશે. પરંતુ પસંદગી આપ્યા બાદ જો ઉમેદવારને એવુ લાગે કે તેઓએ આપેલ પસંદગીમાં કોઇ ક્ષતિ રહી છે અને તેઓ કોઇ ફેરફાર કરવા માંગે છે તો screen પર Reset District અને Reset Schools નુ બટન દબાવી તેઓ પોતાની પસંદગી પુન: આપી શકશે.

- આ અગાઉ ડોકયુમેન્ટ વેરીફિકેશન વખતે આપને ભરતી સબંધી ખાસ તો શાળા પસંદગી બાબતે એક પત્ર આપ્યો હતો જેનો આપે અભ્યાસ કરેલ જ હશે. તદ્દનુસાર આ ભરતી પ્રક્રિયામાં આપે ૧૦૦ % શાળાઓની પસંદગી કરવી એવું ફરજિયાત નથી. આપ એક કે એકથી વધુ શાળા અને વધુમાં વધુ બધી જ શાળાઓ પસંદ કરી શકશો પરંતુ અગાઉ આપેલ પત્રમાં જણાવ્યા મુજબ આપે શાળા પસંદગી ખૂબ જ કાળજીપૂર્વક કરવી જરૂરી છે. ઉદાહરણ તરીકે જો કોઇ ઉમેદવાર મર્યાદિત સંખ્યામાં શાળાઓ પસંદ કરે છે અને તેણે પસંદ કરેલી શાળાઓ મેરીટ કમ પ્રેફરન્સમાં તેઓનાથી ઉંચા ઉમેદવારને મળી જાય તો તેવા કિસ્સામાં તે ઉમેદવારને એકપણ શાળા મળશે નહીં અને વેઇટીંગના ફાળવણી લિસ્ટમાં તેનુ નામ આવશે નહીં જેની જવાબદારી જે તે ઉમેદવારની રહેશે. અનામત સંવર્ગના ઉમેદવારો કે જેની અલોટેડ કેટેગરી જનરલ છે તેને બિન અનામત જગ્યાઓ માટે કાળજી પૂર્વક પસંદગી કરવાની રહેશે. જો આવા ઉમેદવારો મર્યાદિત જગ્યાઓ માટે પસંદગી આપશે અને તેના લીધે તેઓને પસંદગીની શાળા નહી મળે અને તેઓનું મેરીટ તેઓના વિષયમાં બિન અનામત સંવર્ગની જગ્યાઓ સામે પસંદગી પામેલ છેલ્લાં ક્રમના મહિલા ઉમેદવાર કે પુરૂષ ઉમેદવાર કરતાં ઉંચુ હશે તો તેઓ ભરતી પ્રક્રિયામાંથી બાકાત થઇ જશે તેમજ હવે પછીની વેઇટીંગની અનામત કેટેગરીની જગ્યાઓની શાળા પસંદગી કરી શકશે નહી.
- આમ આ તમામ બાબતોને યોગ્ય રીતે સમજી ખૂબ જ કાળજી પૂર્વક શાળા પસંદગી આપવી.
- ઉમેદવારો પોતાની શાળા પસંદગીમાં શાળા પસંદગી આપવાની છેલ્લી તા.૨૧/૧૦/૨૦૨૨ના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધી ફેરફાર કરી શકશો. પરંતુ તા.૨૧/૧૦/૨૦૨૨ના રોજ સાંજે ૪.૦૦ કલાકે આપે જે શાળા પસંદગી આપેલ હશે તેને અંતિમ માની સોફ્ટવેર ઓટો સબમીટ આપી દેશે અને તદનુસાર આપના મેરીટ મુજબ આપને સોફ્ટવેર ઓનલાઈન શાળા ફાળવણી કરવામાં આવશે.પરંતુ આપ શાળા પસંદગી કરતાં પહેલા આપના પસંદગીના જિલ્લાઓ અને પસંદગીની શાળાઓની યાદી અલગથી એક કાગળ પર કરી લઇ તે મુજબ Online જિલ્લા પસંદગી અને શાળા પસંદગી આપી વારંવાર બદલવાના બદલે તેને કાયમી રાખશો તો તે આપના માટે હિતાવહ રહેશે.
- <u>જે ઉમેદવારો હાલ સરકારી/ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કાર્યરત શિક્ષકો હોય "તેઓ સદર ભરતી પ્રક્રીયા અન્વયે તેઓને મેરીટ કમ પ્રેફરન્સના ધોરણે ફાળવવામાં આવનાર કોઇપણ શાળામાં હાજર થશે અને જો હાજર નહીં થાય તો બાળકોના શૈક્ષણિક કાર્ય સુધારણાના હેતુ થી સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ ભરતી પ્રક્રીયાની સુચારૂ કાર્યવાહીમાં અવરોધ ઉભો કરવા તેમજ બેરોજગાર ઉમેદવારોને રોજગારીની તકથી વંચિત રાખી સરકારશ્રીના શિક્ષિત નાગરીકોને રોજગારી પુરી પાડવાના લક્ષમાં અવરોધ ઉભો કરવા બદલ તેઓ પોતાના માસિક પગાર માંથી ૫,૦૦૦/- રૂ. ૪૦ માસ માટે એમ કુલ ૨,૦૦,૦૦૦/- રૂ. સરકારશ્રીના સંબંધિત સદરે જમા કરાવવાના રહેશે.</u>

- બિન અનામત એટલે કે જનરલ કેટેગરીની શાળા પસંદગી પૂર્ણ થઇ ગયા બાદ તેનું પરિણામ વેબસાઇટ પર મૂકવામાં આવશે જેમાં (a) વિષયવાર પસંદ થનાર ઉમેદવારોના ટાટ નંબરની યાદી (b)ભરતી પ્રક્રિયામાંથી બાકાત થનાર ઉમેદવારોના ટાટ નંબરની યાદી અને (c) અનામત કેટેગરીના તેવા ઉમેદવારો કે જેઓનું મેરીટ જનરલની કટ ઓફથી નીચુ છે અને તેઓને અનામત કેટેગરીની જગ્યાઓ પર હવે પછીની પાત્રતા ધરાવે છે, તેવી યાદીનો સમાવેશ થશે. C ની યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોને તથા અન્ય અનામત કેટેગરીના ઉમેદવારોને વેઇટીંગ Phase-3ની અનામતની જગ્યાઓ સામે શાળા પસંદગીની સુચનાઓ હવે પછીથી આપવામાં આવશે.
- શાળા પસંદગી અંગે માર્ગદર્શક વીડીયો પણ વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. તે વીડીયોને ધ્યાનથી નિહાળી જરૂરી સૂચનાઓ ધ્યાને લઈને જ શાળા પસંદગીની પ્રક્રિયા કરવી. જેથી શાળા પસંદગી આપતા સમયે કોઈ ક્ષતિ ન રહે.
- ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપને શુભકામનાઓ પાઠવે છે.